## દહેગામના કરોલી ખાતે નર્મદા માઈનોર કેનાલ નેટવર્કનું ૨૮મીએ ખાતમુહૂર્ત

### પ્રદિપસિંહ જાડેજા અને નાનુભાઈ વાનાણીની ઉપસ્થિતિમાં યોજાનાર કાર્યક્રમ અંગે તંત્રએ તૈયારીઓ આરંભી

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લામાં દહેગામ તાલુકાના કરોલી ગામે ૨૮મીએ નર્મદા યોજનાની માઈનોર કેનાલના નેટવર્કનું ખાત મુહૂર્ત સવારે સાડા નવ કલાકે યોજાશે.

નર્મદા કેનાલની માઈનોર કેનાલનું નેટવર્ક ઉભુ કરવા માટે સરકારે આયોજન હાથ ધર્યુ છે. આ માટે ૨૮મીએ સમગ્ર રાજ્યમાં ૧૭ જેટલા સ્થળોએ ખાતમુહૂર્તના કાર્યક્રમોનું આયોજન કરાયું છે.

ગાંધીનગર જિલ્લામાં નર્મદાની સબ કેનાલ દહેગામ થઈ સાબરકાંઠા જિલ્લામાં જઈ રહી છે. કરોલી ખાતે યોજાનાર ખાતમુહૂર્તને લઈ તંત્ર દ્વારા તૈયારીઓ હાથ ધરી દેવામાં આવી છે.

રાજ્યકક્ષાના મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજા અને નાનુભાઈ વાનાણીની ઉપસ્થિતિમાં આ ખાત મુહૂર્તવિધિ થનાર છે. માઈનોર કેનાલના નેટવર્કથતી રાજ્ય સરકાર ૧૮ લાખ હેક્ટરને સિંચાઈની સુવિધા પુરી પાડવા માંગે છે. યોજનામાં કુલ ખર્ચના ૯૦ ટકા રકમ નર્મદા નિગમ આપશે. જ્યારે ૧૦ ટકા રકમ લાભાર્થી ખેડૂતોએ ચૂકવવાની રહેશે. પોતાના ફાળાની જગ્યાએ લાભાર્થી ખેડૂતો શ્રમદાન પણ આપી શકે છે તેવી જોગવાઈ કરવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લામાં નર્મદાના પાણીથી પાંચ હજાર હેક્ટર વિસ્તારને સિંચાઈની સુવિધાનો લાભ પ્રાપ્ત થયો છે. ગાંધીનગર જિલ્લામાં સિંચાઈની સુવિધા આમેય ઓછી છે. નર્મદાની માઈનોર કેનાલ નેટવર્કની સુવિધાથી જિલ્લામાં સિંચાઈની સુવિધા વધતાં ખેતીને વધુ ફાયદો થશે તેમ મનાઈ રહ્યું છે. અંદાજે રૂ. બે હજાર કરોડના ખર્ચે ૫૪ તાલુકાના ૫ લાખ હેક્ટર વિસ્તારને સબ કેનાલના અન્ડર ગ્રાઉન્ટ પાઈપલાઈન કેનાલ નેટવર્કથી આવરી લેવાનું આયોજન હોવાનું નિગમના સૂત્રોએ જણાવ્યુ છે.

નર્મદા કમાન્ડના અંદાજે ૪ લાખ હેક્ટર વિસ્તારમાં ઓપન ચેનલ તરીકે સબ માઈનોર કેનાલ બાંધ્યા બાદ હવે નર્મદા નિગમ ૫ લાખ હેક્ટર વિસ્તારને આવરી લેતી અન્ડરગ્રાઉન્ડ પાઈપલાઈનથી સબ માઈનોર કેનાલનું નેટવર્ક આગળ ધપાવશે.

વડીલોને વંદન
અભિનંદન



નવનીતલાલ કચરાલાલ ત્રિવેદી
(૧૯૪૨) મો.૯૮૯૮૦૨૪૬૦૮

## ૨૬મી જાન્યુઆરીએ બનાસકાંઠા જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે ધ્વજવંદન યોજાશે

પાલનપુર, તા. ૨૩

રાષ્ટ્રના ૬૬મા પ્રજાસત્તાક દિનની ઉજવણી પ્રસંગે આગામી ૨૬મી જાન્યુઆરીના દિને સવારે ૧૦.૧૫ કલાકે બનાસકાંઠા જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે ધ્વજવંદન કાર્યક્રમ યોજાશે.



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

## બનાસકાંઠાની મેરેથોન દોડમાં ડીસા કોલેજ અગ્રેસર

બનાસકાંઠા જિલ્લાના મુખ્ય મથક પાલનપુર ખાતે આજે જી.ડી. મોદી કોલેજના સંયુક્ત ઉપક્રમે મેરેથોન દોડનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લાની બધી જ કોલેજના વિદ્યાર્થીઓ જોડાયા હતા. આજે યોજાયેલી આ મેરેથોન દોડમાં ડીસાની ડી.એન.પી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓએ બે ગોલ્ડ, એક સિલ્વર અને એક બ્રોન્ઝ મેડલ જીતી ડીસા કોલેજનું નામ રોશન કર્યુ હતુ. આ મેરેથોન દોડની ૧૦ કિ.મી. સ્પર્ધામાં ભાઈ અને બહેન બંને વિભાગમાં ડીસા કોલેજના વિદ્યાર્થીઓ પ્રથમ આવ્યા હતા. આ સિદ્ધિ મેળવવા બદલ ડીસા કોલેજના તમામ ખેલાડીઓ તથા તેમના માર્ગદર્શક કોચ પ્રો. ડૉ. આર.ડી. ચૌધરીને ડીસા કોલેજના ટ્રસ્ટીઓ, કોલેજના નિયામકશ્રી છગનભાઈ પટેલ તથા કોલેજના આચાર્યશ્રી એમ.એમ. મફત દ્વારા અભિનંદન આપી સન્માન કરવામાં આવ્યું હતું.

## સેંભર ગોગા મહારાજના દર્શને મુખ્યમંત્રી આનંદીબેન પટેલ

પાલનપુર, તા. ૨૪

બનાસકાંઠા જિલ્લાના વડગામ ના સેંભર સ્થિત ગોગા મહારાજના મંદિરે ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો. જેમાં રાજયના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે મહોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો. આ



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

કાર્યક્રમમાં મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ ઉમટી પડયા હતા.


પ્રતિષ્ઠા મહોત્સવના પ્રારંભે મંદિર ટ્રસ્ટ દ્વારા મુખ્યમંત્રીનું ભવ્ય સ્વાગત કરી ગોગા મહારાજની પ્રતિકૃતિ ભેટ આપી હતી અને વડગામ માર્કેટ યાર્ડના ચેરમેન કેશરભાઈ ચૌધરીએ પાઘડી પહેરાવી મુખ્યમંત્રીનું અભિવાદન કર્યુ હતું.

કાર્યક્રમમાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલે જણાવ્યું હતું કે પોષણથી પિડાતા આપણા સમાજમાં રહેતા લોકો માટે હિત વિચારી પૌષ્ટિક આહાર સગર્ભા માતાઓને સુખડી બાળકો માટે તાજો ખોરાક આપવા જોઈએ. વધુમાં દિકરો-દીકરી એક સમાન વિચાર રાખી ભ્રૂણ હત્યા બંધ કરવી જોઈએ. આ પ્રસંગે ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના ડાયરેકટર ગણપતભાઈ જોષી કલેકટર દિલીપ રાણા, એચ.કે. પટેલ, ડી.બી. વાઘેલા સહિત મોટી સંખ્યામાં પ્રજાજનો ઉપસ્થિત રહ્યા હતાં.

## સાર્ધ શતાબ્દીમાં બે લાખથી વધુ હરિભક્તો ઉમટી પડ્યા

અમદાવાદ, તા.૨૪

બોચાસણવાસી અક્ષરપુરુષોત્તમ



સ્વામિનારાયણ સંસ્થા દ્વારા આજે વડોદરા નેશનલ હાઈવે નંબર-૮ પર આજવા ચાર રસ્તા નજીક યજ્ઞપુરુષનગર તૈયાર કરવામાં આવ્યું હતું. જેમાં બીએપીએસ દ્વારા સંસ્થાના સંસ્થાપક પૂ.શાસ્ત્રીજી મહારાજની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી નિમિત્તે સાર્ધ શતાબ્દી મહોત્સવનો ભવ્યપ્રારંભ કરવામાં આવ્યો હતો. આ ઉત્સવનો લાભ લેવા માટે દેશ-વિદેશથી ૨ લાખથી વધુ હરિભક્તો ઉમટી પડ્યા હતા. કાર્યક્રમ દરમિયાન સંસ્થાના વડીલ સંતો દ્વારા પ્રવચન, ભજન-ભક્તિ અને સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

સમગ્ર વર્ષ દરમિયાન વિશ્વમાં ફેલાયેલા બીએપીએસ સત્સંગ સમાજ દ્વારા વ્રત નિયમ, પ્રભાતફેરી, વિશેષ ઉપવાસ, પદયાત્રા જેવા કાર્યક્રમો દ્વારા શાસ્ત્રીજી મહારાજને સાર્ધ શતાબ્દી મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. શાસ્ત્રીજી મહારાજના પ્રાગટ્યના ૧૫૦માં વર્ષનો પ્રારંભ ગત વર્ષે ફેબ્રુઆરી મહિનાથી કરવામાં આવ્યો હતો. વડોદરામાં બીએપીએસ સંસ્થા દ્વારા આયોજિત સાર્ધ શતાબ્દી ઉત્સવમાં રાજ્યમંત્રી મંડળના કેટલાક મંત્રીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## હિંમતનગરમાં તપોધન બ્રાહ્મણ સમાજનો સમુહ લગ્નોત્સવ યોજાશે

### ઉપનયન સંસ્કાર વિધિ કાર્યક્રમ પણ યોજાશે

પ્રાંતિજ, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે શ્રી બાવીસગ્રામ તપોધન બ્રાહ્મણ સમાજના સાનિધ્યમાં શ્રી શિવશક્તિ સેવા મંડળ ટ્રસ્ટ આયોજીત ૨૪મો સમૂહ લગ્નોત્સવ અને ઉપનયન સંસ્કાર વિધિ તા. ૧૫-૨-૨૦૧૫ને સોમવારના રોજ હિંમતનગર મુકામે યોજાશે. જેમાં સમાજના ૩૧ જેટલા જોડાઓ (યુવા-યુવતી)ઓ લગ્નગ્રંથીથી જોડાઈને પ્રભુતામાં પગલાં પાડશે. જ્યારે ૨૨ જેટલા બ્રાહ્મણ સમાજના બટુકો પણ જનોઈ ધારણ કરશે. જ્યારે સમાજનો પ્રત્યેક પરિવારોના યોગદાનથી આ પ્રસંગ ધામધૂમથી ઉજવાનાર હોવાનુ પ્રમુખ કનુભાઈ રાવલ દ્વારા જાણવા મલ્યુ છે. જ્યારે આ વખતે હિંમતનગર ખાતે યોજાનાર સમુહ લગ્નોત્સવના મેન દાંતા દવે કમલેશભાઈ હિંમતનગર નિવાસી દ્વારા એકલા હાથે ખર્ચ ઉઠાવી લેતાં સમાજના આ સમાજહિતના કાર્યમાં સહભાગી બન્યા છે.

## તલોદ કોલેજમાં થનઘનાટ-૨૦૧૫ અંતર્ગત વાર્ષિકોત્સવ અને પારિતોષિક વિતરણ કાર્યક્રમ યોજાયો

તલોદ, તા. ૨૪

એચ.પી. આર્ટસ-કોમર્સ કોલેજ તલોદનો ૫૫મો વાર્ષિક રસોત્સવ કાર્યક્રમ થનગનાટ-૨૦૧૫ અંતર્ગત યોજવામાં આવ્યો હતો. શીર્ષસ્થ કલામંચને સાબરકાંઠાના સાંસદ દિપસિંહજી રાઠોડે દીપ પ્રાગટ્ય કરી ખુલ્લો મુક્યો હતો. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે તલોદ તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી બંસીધર મહેતા અને સાયન્સ કોલેજના પૂર્વ આચાર્ય આર.એલ.પેટેલ તથા ગુજરાત રાજ્ય વન વિભાગના અધ્યક્ષ પ્રો. કુબેરભાઈ ડિંડોર ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ સમારોહમાં યુવા કલાકારો દ્વારા ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરે તેવા વિવિધ પ્રદેશોના અને વિવિધ રાજ્યોની સાંસ્કૃતિક વિરાસતને રજુ કરવામાં આવી હતી. તેમાં ઉત્તરાખંડનું આદિ નૃત્ય, રાજસ્થાની ઘૂમર, કચ્છી ગરબા અને નૃત્ય, સોલોડાન્સ, ફનીડાન્સ, ગ્રુપ ડાન્સ, સ્કીટ તથા 'વટનો સવાલ છે' અને 'મોંઘવારી' જેવા નાટકો ભજવાયાં હતા. આ પ્રસંગે કોલેજ દ્વારા તેજસ્વી કલાકારો, રમતવીરો અને વિદ્યાર્થીઓને વિવિધ પ્રકારના શિલ્ડ-ટ્રોફીઓ આપી સન્માનિત કર્યા હતા. સાથોસાથ કોલેજની વિવિધ પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા અધ્યાપકોનું પણ ઉચિત સન્માન કરી કોલેજની ધરોહરને દ્વિગુણિત કરવાનો સંસ્થાનો પ્રયાસ પ્રેક્ષકોમાં પ્રશંસનીય બન્યો હતો.


આ પ્રસંગે ઉપસ્થિત મંચસ્થ મહેમાનોનું પુષ્પગુચ્છ અને મોમેન્ટો, શાલ ઓઢાડી આવકાર આપતાં આચાર્ય ડૉ. જે.સી. પટેલે જણાવ્યું હતું કે સર્વે કલાકારો અને તેજસ્વી વિદ્યાર્થીઓએ કોલેજની શાન વધારી છે. ઉત્તર ગુજરાત યુનિ.નું ગૌરવ વધાર્યું છે અને સી.ડી. પટેલ મહા વિદ્યામંડળના ધ્યેયને 'સો વિદ્યા યા વિમુક્તયે'ને પોતાની પ્રતિબદ્ધિત દ્વિગુણિત કર્યો છે. તેમાં ત્વરિત મક્કમ નિર્ણય શક્તિ, વિદ્યાર્થીઓ સાથે અનુરાગ, વાલીઓ સાથેનો અનુબંધ અને કર્મચારી સાથેનો મૈત્રીપૂર્ણ સંવાદ જેવાં ઘટકો વિશેષ જવાબદાર નીવડતાં હોય છે.

## સ્વાતંત્ર્ય સેનાનીઓ માટે ૨૬મી જાન્યુઆરીએ ખાસ એસ.ટી. બસ વ્યવસ્થા

ગાંધીનગર, તા. ૨૪

ભારતના ૬૬મા પ્રજાસત્તાક દિવસ ૨૬મી જાન્યુઆરીએ ગુજરાતના રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીની અધ્યક્ષતામાં સાંજે ૫-૦૦ વાગ્યે મહાત્મા મંદિર, સે-૧૫, ગાંધીનગર ખાતે 'સ્નેહ સંમેલન'નું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે સ્વાતંત્ર્ય સેનાનીઓને અમદાવાદથી મહાત્મા મંદિર, સે-૧૫, ગાંધીનગર આવવા તથા પરત જવા માટે અમદાવાદ લાલદરવાજા (રૂપાલી સિનેમા), પાલડી બસ સ્ટેન્ડ અને કાળુપુર રેલવે સ્ટેશનથી એસ.ટી. બસોની ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. સ્વાતંત્ર્ય સેનાનીઓ માટેની આ ખાસ એસ.ટી. બસો બપોરે ૧૫.૩૦ કલાકે મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે જવા રવાના થશે.

## શબ્દાવલી - ૫૬૨૬



### આડી ચાવી

૧. નિકાલ, ફેંસલો (૨)
૨. પોતાના વખાણ (૪)
૪. સાર, ટૂંકું (૩)
૫. વધારાનું, નકામું (૩)
૭. જવ અને તલથી કરાતો એક વિધિ (૪)
૯. હુકમ, આદેશ (૪)
૧૧. પતિ-પત્ની લગ્નમંડપમાં... ફરે (૨)
૧૨. ખીજ, ગુસ્સો (૨)
૧૩. સંડાસ (૩)
૧૫. રોજનો હિસાબ સરભર થાય તે ચોપડો (૪)
૧૭. ગાંધીજીના વિચારને અમલી બનાવી ચલાવે તે... માં માને છે તેમ કહેવાય (૪)

### ઊભી ચાવી

૧. કિંમતી ભેટ, સોગાદ (૩)
૨. પોતાનું વ્યક્તિ, પોતાનો માણસ (૪)
૩. જખમી (૩)
૪. સુખડની બનાવટનો એક સાબુ (૩)
૬. લફરા કર્યા કરે તેવું (૫)
૮. સભ્યતા, વિનય (૩)
૧૦. દારૂ પર પ્રતિબંધ (૪)
૧૨. દારૂ પર પ્રતિબંધ (૪)
૧૪. હજામ (૩)
૧૫. રૂઆબ (૨)
૧૬. પોપટની માદા (૨)

### શબ્દાવલી ૫૬૨૫ના જવાબ

**આડી ચાવી :-** (૧) કિવંદતી (૩) પનાહ (૫) વારિ (૬) મુનાસિબ (૮) ક્રમિક (૧૦) ગુમાન (૧) વહેણ (૧૨) નવુ (૧૩) સંપ (૧૫) કાજી (૧૬) લાગલગાટ (૧૯) કવી (૨૦) ગડમથલ

**ઊભી ચાવી :-** (૧) વંદના (૩) પરિક્રમા (૪) હલક (૬) મુત્સલી (૭) સિધાવવું (૯) મિન (૧૦) ગુણ (૧૨) નજીવી (૧૩) સંગાથ (૧૪) પટલ (૧૫) કાક (૧૬) લાગ (૧૭) ગડ (૧૮) લમ

## યુરિયા ખાતરના ભાવને લઈ સરકારની તૈયારી સામે વાંધો

### આગામી ત્રણ વર્ષ ખેડૂતોને યુરિયા ખાતરના ભાવમાં દર વર્ષે ૨૦ ટકા વધારો ચુકવવો પડશે : કોંગ્રેસમાં આક્રોશ

અમદાવાદ, તા. ૨૪

કોંગ્રેસે યુરિયા ખાતરને અંકુશમુક્ત કરવાની કેન્દ્ર સરકારની હિલચાલ સામે આજે જોરદાર વાંધો ઉઠાવ્યો હતો. મોદી સરકાર ઉપર આકરા પ્રહારો કોંગ્રેસ દ્વારા કરાયા હતા. કોંગ્રેસે ખેડૂતોને જાગૃત્ત થવા માટે હાંસલ કરી છે. કેન્દ્ર સરકાર દ્વારા યુરીયા ખાતરને નિયંત્રણ મુકત કરવા માટે નો તખ્તો ઘડાય રહ્યો છે, અને સાથો સાથ સબસીડીવો બોજો ઘટાડવા આગામી ત્રણ વર્ષ સુધી ખેડુતો એ યુરીયા ખાતરના ભાવમાં દર વર્ષ ૨૦ ટકા વધારાનો ભાલ ચુકવીને ખાતર ખરીદવું પડે તેવી નરેન્દ્ર મોદીની સરકારે વિચાકણા કરી યુરીયાને નિયંત્રણમુકત કરવાની કાર્યવાની હાથ ધરેલ છે, ખેડુતોને જે વખતે પાકના પોષણક્ષમ ભાવો મળતા નથી, અલગ-અલગ પ્રકારના ખર્ચાઓ જેવા કે ઈલેકટ્રોનીક-સંચાઈ માટેના દરો, પરિવહનના વધતા ભાવોની સાથે મજૂરીના ઉચા દરો ચુકવવા પડે છે,

ત્યારે ખેડુતો ખેતી પરનો આ બીજો સહન કરવા શકિતમાન રહેશે નહી, અને ખેડુતોની આર્થિકસ્થિતિ સુધરવાને બદલે બગડતી રહેશે, અને આથી ભાવ વધારાને બદલે સબસીડી આપીને ખેતી પરનું ખર્ચ ઘટાડવું જોઈએ,તેવી માંગણી સાથે રાજયના ખેડુત અગ્રણી અને કોંગ્રેસપક્ષના ધારાસભ્ય રાઘવજીભાઈ પટેલ નિવેદન મારફતે ખેડુતોને આ પ્રશ્ને જાગૃત થવા હાકલ કરી છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ફુડઓઈલમા ભાવ બેરલદીઠ રૂ. ૫૦ થી પણ નીચા ગયા છે, ખાતર સબસીડીઓનો બજેટ અંદાજમાં સરેરાશ ફુડ ભાવ બેરલદીઠ ૧૦૫ ડોલર સામે રૂપિયાના ભાવ ૬૦ મુજબ નક્કી કરવામાં આવ્યા હતા. આથી સરકારને સબસીડીમા અંદાજમાં ૫૦ ટકાનો ઘટોડો થશે, અને સરકાર ને સબસીડીની રકમ ચુકવવામાં ૫૦ ટકાની બચત થશે, જે ધ્યાને લવામાં આવે તો યુરીયા અંકુશમુકત થાય તો પણ ખેડુતો પાસેથી ત્રણ વર્ષ સુધી ૨૦ ટકા ભાવ વધારો કરીને ખેડુતોની કમર તોડવી જરૂરી નથી. યુરીયા ખાતરનો મોટાભાગના પાકોમાં ડોઝ તરીકે ઉપયોગ થાય છે અને ખેડુતો યુરીયા ખાતર વાપરે નહી તો ખેતીમાં ઉત્પાદન થતું નથી તેવો ખેડુતોનો પોતાનો અભ્યાસ છે. ત્યારે ખેડુતોને પાકના પુરા ભાવો મળી રહે તેવી વ્યવસ્થાની સાથે દરેક પ્રકારના ખાતરો પર જે સબસીડીનું ધોરણ છે, તે ચાલું રાખે તો પણ સબસીડીના બોજામાં ૫૦ ટકાની બચત થતી રહેશે.

## વિશ્વનું સૌથી મોટું...

● પહેલા પાનાનું ચાલુ

ગુજરાતે વિકાસની નવી પરિભાષા સમજવી છે. સમિટીમાં ૮ દેશ પાર્ટનગર કન્ટ્રી હતા. તેમજ ૧૪ દેશોના કન્ટ્રી સેમિનાર પણ યોજાયા હતા. સમિટમાં સૌ પ્રથમ ગ્લોબલ સીઈઓ કોન્કલેવનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. સમિટમાં ૨૫ હજાર જેલીગેટસ ઉપસ્થિત રહ્યા હતાં. દુનિયાને નોલેજ સેરીંગ માટેની તક પૂરી પાડી હતી. તે પછી આજે વિશ્વ કક્ષાનું વિશાળ સ્ટેઈનલસ સ્ટીલ પ્રદર્શન અને આર્ટ ફેસ્ટિવલ ગુજરાતના આંગળે યોજાઈ રહ્યો છે, તેનો મને આનંદ છે. ગુજરાત પાસે કાચું લોંખડ નથી તેમ છતાં ગુજરાતીઓની ખુમારી અને વેપાર કરવાની આવડતથી આજે દેશમાં સ્ટીલના ઉત્પાદનની હરોળમાં અગ્રિમ સ્થાન ધરાવે છે. વિશ્વમાં ભારત દેશ સ્ટીલ નિર્માતા તરીકે આજે ચોથું સ્થાન ધરાવે છે, તે વાત આપણા સૌ માટે ગૌરવરૂપ છે. ભારતના સ્ટીલ ઉદ્યોગ માટે સારા દિવસો શરૂ થઈ ગયા છે. તેવું કહી તેમણે કહ્યું કે, દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતને ઉદ્યોગ જગતનું વિશ્વનું હબ બનાવા માટે શ્રેણીબધ્ધ પગલા ભર્યા છે. વડાપ્રધાનએ સ્ટીલ ઈન્ડિયા, ડીઝીટલ ઓઈન્ડિયા, સ્કીલ ઈન્ડિયા, મેડ ઈન ઈન્ડિયા અને કલીન ઈન્ડિયનું સ્વપ્ન જોયુ છે. જેના થકી વિશ્વ લોકમાનસમાં ચાલો ભારતમાં રોકણ કરીએ તેવો અનેરો ભાવ પેદા થવા લાગ્યો છે. ઝીરો ડિફેકટ પર દેશના વડાપ્રધાનએ ભાર મુકયો છે. તેવું કહી મુખ્ય મંત્રીએ જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય બજાર પર ટકવા માટે કવોલિટી પ્રદાન કરવી ખુબ જ જરૂરી છે, સારી કર્વોલિટી હંમેશા કુશળ કારીગરો દ્વારા જ મળી શકે છે. આ માટે ઈન્ડસ્ટ્રીયલ સ્કીલ લેબર ઉપલબ્ધ હશે, તો ગુણવતા ભર્યુ ઉત્પાદન ગુજરાત સરકારે સ્કીલ લેબર માટે પી.પી.પી. મોડલથી રાજયમાં શરૂ કરવામાં આવેલી આઈટીઆઈ અને એન્જીનિયરીગ કોલેજની વિસ્તૃત વાત કરી હતી. રાજયમાં સેન્ટર ફોર એકસેલન્સની સ્થાપના કરાઈ છે. ગુજરાત સરકાર ટૂંક સમયમાં લેબર રિફોર્મ્સ જાહેર કરવા જઈ રહી છે, તેવું કહી તેમણે જણાવ્યું હતું કે, શ્રમિકો રક્ષણ આપવામાં આવશે.



મોડાસા શહેરના શ્રી રવિશંકર મહારાજ માર્ગ પરથી ઘેટાના ધણ સાથે પસાર થતો મનોરમભાઈ ભરવાડ રોડની બાજુમાં આવેલી તોતિંગ ઈમારતો જોઈને વિચારતો રહી ગયો હતો અને મોઢામાંથી શબ્દો સરી પડ્યા હતા 'હે ભગવાન'... 'યહા કિતની ઊંચી ઈમારતે હૈ ઔર રાજસ્થાન મે હમારે જાનવરકો ખાને કે લિયે ઘાસ તક નહી મીલ રહી' ગુજરાતના ગતિશીલ વિકાસની વાતો ફક્ત અમેરિકા કે પછી બીજા દેશો કરતા હોય તેવુ નથી, બીજા રાજ્યમાંથી આવેલો એક ગરીબ માણસ પણ ગુજરાતવિકાસની વાતો કરે છે. (તસવીર : જય અમીન, મોડાસા)

## અમદાવાદ ખાતે નિરંકારી સમાગમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૪

અમદાવાદ ખાતે એજ્યુકેશન ગ્રાઉન્ડ પર તાજેતરમાં નિરંકારી સંત સમાગમ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વક્તાઓએ જ્ઞાન, કર્મ અને ભક્તિ આધારિત સુંદર ભાવનાઓ દ્વારા માનવતાનો સંદેશ આપ્યો હતો.

અમદાવાદમાં વિજય ચાર રસ્તા પાસેના એજ્યુકેશન ગ્રાઉન્ડ પર આયોજિત નિરંકારી સંત સમાગમનો ભક્તોએ ભક્તીરસથી ભરપુર આનંદ પ્રાપ્ત કર્યો. વક્તાઓએ જ્ઞાન, કર્મ અને ભક્તિ આધારિત સુંદર ભાવનાઓ દ્વારા માનવતાનો સંદેશ આપ્યો અને સૌએ એકજ શુર પુર્યો કે નિરંકારીબાબા આજ સંદેશ આપી રહ્યા છે.

સમાગમના સમાપનમાં અધ્યક્ષસ્થાનેથી મિશનના વડા નિરંકારી બાબાજીએ જણાવ્યું હતું કે મનુષ્ય જન્મને દુર્લભ કહ્યો છે અને તેનું લક્ષ્ય પરમાત્માની પ્રાપ્તિ છે જે ફક્ત સદગુરુ દ્વારા જ પ્રાપ્ત થાય છે. નિરાકાર પરમાત્માના અસ્તિત્વથી સમગ્ર સૃષ્ટિનું સંચાલન થઈ રહ્યું છે. દરેક યુગમાં મહાત્માઓએ પ્રેમ, દયા, કરૂણા અને માનવતા તથા પરમાત્માની વાતો કહી છે તે આજે આપણે સાંભળી. આપણે મનુષ્ય જન્મનું મૂલ્ય આંકવાનું છે અને ધરતીનું સુંદર વાતાવરણ ચારે તરફ જોવા મળે તેવા પ્રયત્નો કરવાના છે.

કાર્યક્રમના અંતે લંગરપ્રસાદી લઈ અલગ અલગ વિસ્તારમાંથી આવેલ સત્સંગીઓ આનંદિત થઈ વિદાય થયા હતા.

ટચૂકડી જાહેર ખબર

**ડુપ્લેક્ષ વેચવાનું છે**

પેથાપુર ચાર રસ્તાથી ગાંધીનગર મેદાન ઘ-રોડ ઉપરથી ૭૦ મીટરના અંતરે ચામુંડાનગર સોસાયટીમાં ડુપ્લેક્ષ ફુલ ફર્નીચર સાથે વેચવાનું છે. સિદ્ધિ વિનાયક બંગલોની નજકી સંધ્યાગીરી આશ્રમ પાસે

સંપર્ક : ૯૭૧૪૧૦૯૧૦૮